અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોરોના વાયરસ (COVID-19)ના સંક્રમણને કારણે મૃત્યુ પામેલ આંગણવાડી કાર્યકર/તેડાગરના આશ્રિતને રૂ.૨૫ લાખની સહાય મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
હુકમ ક્રમાંક:આઇસીડી/૧૦૨૦૨૦/૧૭૧૭૫૭/બ૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૬/૦૭/૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૦૮.૦૪.૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૨૦/૨૫૦/ક.

(૨) મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૨૨.૦૫.૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:સીએમએફ/ ૧૦૨૦૨૦/૮૫/સી.એમ.ફંડ.

(૩) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીની તા.૧૯/૦૬/૨૦૨૦ની સિંગલ ફાઇલથી કરેલ દરખાસ્ત.

હુકમ:

ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક: (૧)ના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવથી રાજ્યમાં નોવેલ કોરોના વાયરસ (Covid-19)ના સંક્રમણને કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમ્યાન સંક્રમિત થયેલ કર્મચારી/અધિકારીના દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને રૂ.૨૫/-લાખ (રૂપિયા પચ્ચીસ લાખ પુરા)ની સહાય આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. .

વંચાણે લીધેલ ક્રમાંક:(૩)ની કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ગાંધીનગરની કચેરીની તા.૧૯/૦૬/૨૦૨૦ની સિંગલ ફાઇલથી કોરોના વાયરસની મહામારી દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આઇસીડીએસના અલગ અલગ ઘટક હેઠળ આંગણવાડી કેન્દ્રમાં પોતાની ફરજો બજાવતા (૧) સ્વ. ઉર્મિલાબેન ડી. ચૌહાણ, આંગણવાડી કાર્યકરનું તા. ૦૩/૦૬/૨૦૨૦ના રોજ (૨) સ્વ. શિલ્પાબેન વી. ઠાકોર, આંગણવાડી તેડાગરનું તા. ૦૩/૦૬/૨૦૨૦ના રોજ અને (૩) સ્વ. રૂપાબેન પી. જોષી, આંગણવાડી તેડાગરનું તા. ૦૩/૦૬/૨૦૨૦ના રોજ દુ:ખદ અવસાન પામેલ હોવાથી તેઓના આશ્રિત કુટુંબોને સામાન્ય

વહીવટ વિભાગના ઉક્ત ઠરાવ મુજબ રૂ.૨૫ લાખની સહાય ચુકવવા આ વિભાગને દરખાસ્ત કરેલ છે.

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીની તા.૧૯/૦૬/૨૦૨૦ની સિંગલ ફાઇલથી કરેલ દરખાસ્ત અન્વયે (૧) સ્વ. ઉર્મિલાબેન ડી. ચૌહાણ ,(૨) સ્વ. શિલ્પાબેન વી. ઠાકોર અને (૩) સ્વ. રૂપાબેન પી. જોષીના આશ્રિત/વારસદારને રૂ.૨૫ લાખ (રૂપિયા પચ્ચીસ લાખ પુરા)ની સહાય ચુકવવા આથી અનુમતિ આપવામાં આવે છે.

વંચાણે લીધેલ ક્રમાંક:(૨)ના મહેસુલ વિભાગના ઠરાવની સુચનાઓ મુજબ મૃત્યુ પામેલા આંગણવાડી કાર્યકર/તેડાગર (૧) સ્વ. શ્રી ઉર્મિલાબેન ડી. ચૌહાણ ,(૨) સ્વ. શ્રી શિલ્પાબેન વી. ઠાકોર અને (૩) સ્વ. શ્રી રૂપાબેન પી. જોષીના આશ્રિત/વારસદારનું નામ/સંબંધ વિગેરે વિગતો નીચે મુજબ છે:

| અ.નં | અવસાન પામેલ આંગણવાડી કાર્યકર/તેડાગરનું નામ | હોદ્દો અને આંગણવાડી કેન્દ્રનું નામ | અવસાન પામનારનું સરનામું | અવસાન પામનારના આશ્રિત/વારસદારનું નામ/સંબંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સ્વ. ઉર્મિલાબેન ડી. ચૌહાણ | આંગણવાડી કાર્યકર, ઓમનગર છાપરા | ૯૦/૪૭,ઓમનગર સોસાયટી,કલાપીનગર, અમદાવાદ-૩૮૦૦૧૬ | ચૌહાણ ઉમંગકુમાર દેવેન્દ્રભાઇ સંબંધ:પુત્ર મો.૭૦૧૬૫૦૯૩૩૮ |
| ૨ | સ્વ. શિલ્પાબેન વી. ઠાકોર | આંગણવાડી તેડાગર, મેઘાણીનગર, બ્લોક નં.૧૨૮થી ૧૩૬ | ૮૧, છગનજીની વાડી, આસરવા,અમદાવાદ-૩૮૦૦૧૯ | ઠાકોર વિનોદકુમાર જેસિંગભાઇ સંબંધ:પતિ મો.૭૮૭૪૫૦૮૯૮૬ |
| ૩ | સ્વ. રૂપાબેન પી. જોષી | આંગણવાડી તેડાગર, રામેશ્વર | બ્લોક-લી,૩૪/એસ.એફ. ૨૦૩,રામેશ્વર મહાદેવની કો. ઓપ.સોસાયટી, સ્વસ્તિક ચાર રસ્તાની પાસે,અમરાઇવાડી,અમદાવાદ -૩૮૨૦૨૬ | જોષી અશ્વિનભાઇ પ્રકાશભાઇ સંબંધ:પુત્ર મો.૮૩૫૬૮૯૧૫૨૧ |

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તા.૧૧/૦૬/૨૦૨૦, નાણા વિભાગની તા.૨૩/૦૬/૨૦૨૦ તથા સરકારશ્રીની તા.૦૬/૦૭/૨૦૨૦ના રોજ મળેલ અનુમતિ અન્વયે કરવામાં આવેલ છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષા પટેલ)

ઉપસચિવ

મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ,

1. માન.મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન. નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
3. માન. મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
4. માન.રા.ક.મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
5. અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)ના અંગત સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. સચિવશ્રી(આ.બા.) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
7. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. સેકશન અધિકારીશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું રાહત ફંડ, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (બે નકલ)
10. સ્વ. ઉર્મિલાબેન ડી. ચૌહાણના આશ્રિત કુટુંબને જાણ અર્થે પ્રોગ્રામ અધિકારીશ્રી (અર્બન), મ્યુનિસિપલ કોર્પોરેશન,અમદાવાદ મારફતે.
11. સ્વ. શ્રી શિલ્પાબેન વી. ઠાકોરના આશ્રિત કુટુંબને જાણ અર્થે પ્રોગ્રામ અધિકારીશ્રી (અર્બન), મ્યુનિસિપલ કોર્પોરેશન,અમદાવાદ મારફતે.
12. સ્વ. શ્રી રૂપાબેન પી. જોષીના આશ્રિત કુટુંબને જાણ અર્થે પ્રોગ્રામ અધિકારીશ્રી (અર્બન), મ્યુનિસિપલ કોર્પોરેશન,અમદાવાદ મારફતે.
13. શાખા સિલેક્ટફાઇલ